# હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી

પો.બો.નં.-૨૧, યુનિવર્સિટી રોડ, પાટણ (ઉ.ગુ.) ૩૮૪૨૬૫


## સાયન્સ કોલેજ જોડાણ શરતો

**શરતો** :

(૧) નિયમીત આચાર્યની નિમણૂંક કરવામાં આવે.

(૨) વિષયદીઠ અધ્યાપકોની નિમણૂંક કરવામાં આવે.

(૩) અંગ્રેજી વિષયના પુરા સમયના આસિ.પ્રોફેસરની નિમણૂંક કરવામાં આવે.

(૪) ગ્રંથપાલની નિમણૂંક કરવામાં આવે.

(૫) બિન શિક્ષક કર્મચારીગણમાં બે જૂ.કલાર્ક અને ત્રણ પટાવાળાની નિમણૂંક કરવામાં આવે.

(૬) બે લેબ આસિસ્ટન્ટની નિમણૂંક કરવામાં આવે.

(૭) રૂા.૫૦,૦૦૦/- ના પુસ્તકો ખરીદવામાં આવે.જેમાં પાંચ સામયિકો ખરીદવામાં આવે.

(૮) આચાર્યની ચેમ્બર એટેચ ટોયલેટ સાથે બનાવવામાં આવે.

(૯) કોલેજ કાર્યાલયમાં કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઈન્ટરનેટ, ટેલીફોન, ફેકસ, મોડેમ વસાવવામાં આવે તથા વેબસાઈટ બનાવવાની રહેશે.

(૧૦) ગ્રંથાલયમાં જરૂરી ફર્નિચર વસાવવામાં આવે અને વિદ્યાર્થીઓ માટે રીડીંગરૂમ બનાવવામાં આવે.

(૧૧) સ્ટાફ રૂમ બનાવવામાં આવે.

(૧૨) વિદ્યાર્થીનીઓ માટે લેડિઝ રૂમની વ્યવસ્થા કરવામાં આવે.

(૧૩) જરૂરીયાત મુજબના વિષયો માટે જરૂરી સાધનો સાથે લેબોરેટરીની સુવિધા તૈયાર કરવામાં આવે.

(૧૪) રૂા.૪૦૦૦/- કાયદાકીય ફી જમા કરાવવામાં આવે તથા વિદ્યાર્થી દીઠ રૂા.૨૦૦ લેખે યુનિવર્સિટી વિકાસ ફંડ જમા કરાવવાનો રહેશે.

(૧૫) રમત ગમતના સાધનો વસાવવામાં આવે.

(૧૬) પોતાનું સ્વતંત્ર મકાન ન ધરાવનાર કોલેજે પાંચ વર્ષમાં પોતાનું મકાન બનાવી દેવાનું રહેશે. આ માટે સંચાલક મંડળે યુનિવર્સિટીમાં રૂા.૧૨ લાખની ડિપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે મૂકવાની રહેશે.

(૧૭) કોલેજના કર્મચારીઓના પગાર-ભથ્થા માટે અનામત ફંડ તરીકે યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના નામે રૂપિયા બે લાખ ડિપોઝીટ તરીકે મૂકવાના રહેશે. જે યુનિવર્સિટીની પરવાનગી વિના ઉપાડી શકાશે નહી.

(૧૮) ગુજરાત સરકાર અને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના નિયમ મુજબ મંડળ / ટ્રસ્ટે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂપિયા ૬,૦૦,૦૦૦/- (છ લાખ પુરા) ની ડિપોઝીટ છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકત નામે

રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. જે પાકતી મુદત વ્યાજ સહીત રીન્યુ કરાવવાની રહેશે.

(૧૯) અભ્યાસક્રમ મુજબ શૈક્ષણિક સ્ટાફ અને વહીવટી સ્ટાફની ભરતી કરવાની રહેશે.

(૨૦) અભ્યાસક્રમ મુજબ જરૂરી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લાસવેર્સ તથા કેમિકલ્સની ખરીદી કરવાની રહેશે. જેમાં માઈક્રોસ્કોપ ઓછામાં ઓછા ૫૦ વસાવવાના રહેશે.

(૨૧) જે બિલ્ડીંગમાં હાલમાં વર્ગો ચલાવવામાં આવશે તેની રૂમ નંબર સાથે થીયરી/ પ્રયોગીક કાર્યક્રમની યાદી આપવાની રહેશે.

**<u>નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારની માર્ગદર્શિકા પ્રમાણેની વધારાની શરતો :</u>**

(૨૨) ડિપોઝીટ અંગેની શરતઃ

(૧) રાજય સરકારના ઠરાવ પ્રમાણે :-

૧. પોતાનું સ્વતંત્ર મકાન ન ધરાવનાર કોલેજે પાંચ વર્ષમાં પોતાનું મકાન બનાવી દેવાનું રહેશ. આ માટે સંચાલક મંડળે યુનિવર્સિટીમાં રૂપિયા બાર લાખની ડિપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે છ વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. મકાન બનાવનાર સંસ્થાએ પાંચ વર્ષ બાદ નિયમાનુસાર દંડ યુનિ. ને ભરવાનો રહેશે.

૨. કોલેજના કર્મચારીઓના પગાર-ભથ્થા માટે અનામત ફંડ તરીકે યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે રૂપિયા બે લાખ ડિપોઝીટ તરીકે છ વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેંકમા મૂકવાના રહેશે. જે યુનિ.ની પરવાનગી વિના ઉપાડી શકાશે નહી તથા પાકતી મુદતે વ્યાજ સહીત તે રીન્યુ કરવાની રહેશે.

(૨૩) ઉપર્યુકત ડિપોઝીટ પૈકી જે તે હેતુ કે શરતનું સંસ્થા દ્વારા નિયત સમય-મર્યાદામાં પરીપાલન કરવામાં નહિ આવે તો જે તે હેતુસરની ડિપોઝીટ યુનિવર્સિટી દ્વારા જપ્ત કરવામાં આવશે.

(૨૪) જે તે અભ્યાસક્રમ માટેનું રાજય સરકારશ્રીનું “ના વાંધા પ્રમાણપત્ર” કે “સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી” મેળવવાની જવાબદારી સંચાલક મંડળની રહેશે.

(૨૫) રાજય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજરી વિના સંસ્થા વિદ્યાર્થી પ્રવેશ આપી શકશે નહી અને છતાં આપવામાં આવશે તો તે ગેરકાયદેસર પ્રવેશ ગણાશે અને તે માટેની સઘળી જવાબદારી સંસ્થાની રહેશે.

(૨૬) નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારશ્રીના તા.૨૧-૧૨-૨૦૦૧ના ઠરાવ ક્રમાંકઃ યજન/૧૦૨૦૦૧/(૨૮)/ખ-૧માં નમૂના-ક પ્રમાણેનું રૂા.૫૦-૦૦ ના સ્ટેમ્પ પેપર પર ડીડ ઓફ ડેકલેરશન યાને એકરારનામું ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ સમક્ષ અથવા નોટરી સમક્ષ કરી મૂકવામાં આવેલ વિવિધ ફિકસ્ડ ડિપોઝીટની રસીદોની નકલ સહીત રજૂ કરવાની રહેશે.

(૨૭) યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ/કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનિવર્સિટીના આવા વખતોવખતના નિયમો સંસ્થા/કોલેજને બંધનકર્તા રહેશે.

(૨૮) મંડળ/ટ્રસ્ટે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂપિયા ૨,00,000/- (બે લાખ પુરા) ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. જે પાકતી મુદતે વ્યાજસહીત રીન્યુ કરાવવાની રહેશે.

(૨૯) સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂા.૨૫,00,000/- (પચ્ચીસ લાખ પુરા) ની રકમ રોકડમાં, બેંક બેલેન્સ કે ડિપોઝીટ રૂપે તથા રૂા.૨૫,00,000/- (પચ્ચીસ લાખ પુરા) ની સ્થાયી અસ્કયામતો ટ્રસ્ટ/મંડળના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવામાં આવે.

(૩0) ડિપોઝીટની શરત અન્વયેની મિલ્કતો ઋણમુકત હોવા બાબતનું માન.ચેરીટી કમિશ્નરશ્રીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવું.

(૩૧) કોલેજ શરૂ કરતા પહેલાં મંડળ પાસે રૂા.૫,00,000 (પાંચ લાખ પુરા) નું વર્કીંગ ફંડ હોવાના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવાના રહેશે.

(૩૨) ખાસ (કાયદાકીય) ફી તરીકે યુનિવર્સિટીના આકસ્મિક ભંડોળમાં પ્રતિ વર્ષ રૂા.૪000/- (ચાર હજાર) લેખેની બાકી રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવે.

(૩૩) કોલેજના તમામ સ્ટાફના પગાર બીલના ૨0% રકમ સ્ટાફના નિવૃતિના લાભો માટે યુનિવર્સિટી સૂચવે તે નિધિમાં નિયમિતપણે જમા કરાવવામાં આવે.

(૩૪) કોલેજના તમામ સ્ટાફને નિયમિતપણે અને બેંક મારફતે જ પગારો ચૂકવવામાં આવે.

(૩૫) કોલેજમાં વિદ્યાર્થી પ્રવેશ માટે યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીની અનામત નીતિને અનુસરવાની રહેશે.

(૩૬) વર્ષ દરમ્યાન કોલેજમાં ખાલી રહેલ શૈક્ષણિક વર્ગની જગ્યાઓના તેટલા સમયના પગારની બચાવેલ રકમના ૧૨૫% રકમ યુનિવર્સિટી માં જમા કરાવવામાં આવે.

(૩૭) યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારા-ધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહિ.

(૩૮) કોલેજના વિધાર્થીઓ પાસેથી દર વર્ષે લેવામાં આવતી ટયુશન ફીમાંથી યુનિવર્સિટીના તા. ૨૯-૫-0૩ ના પરિપત્ર નં.૧0૯/૨00૩ અન્વયેની નિયમાનુસારની વિધાર્થી દીઠ, પ્રતિ વર્ષ પ્રમાણેની રકમ યુનિવર્સિટીમાં "વિકાસ ફંડ" ખાતે જમા કરાવવામાં આવે. આ માટે વિદ્યાર્થીઓ પાસેથી અલગથી કોઈ વધારાની રકમ ઉઘરાવી શકાશે નહિ.

(૩૯) કોલેજમાં વિદ્યાશાખા અને જોડાણના વિષયોને અનુરૂપ જરૂરી દ્રશ્ય - શ્રાવ્ય સાધનો પુરતા પ્રમાણમાં વસાવવમાં આવે.

(૪0) રાજય સરકાર અને યુનિવર્સિટીના વખતો વખતના પ્રવર્તમાન નિયમો અને શરતો સંસ્થાને બંધનકર્તા રહેશે.

(૪૧) યુનિવર્સિટીના નિયમ મુજબ પાંચ એકર જમીનની પૂર્તતા કરવામાં આવે.

(૪૨) નિયમાનુસાર શારીરિક શિક્ષણ નિયામકની ભરતી કરવાની રહેશે.

નોંધ : જે તે વિષયોને લગતા પૂરા સમયના આસિ.પ્રોફેસરોની નિમણૂંક કરવાની રહેશે.